નોર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, મુંબઇ સંચાલિત

## શ્રી અને શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ, પાટણ

# સ્કોલરશીપ મેળવતા તમામ વિધાર્થીઓ માટે ઓનલાઈન સ્કોલરશીપનાં ફોર્મ ભરવાના અંગેની અગત્યની સૂચના

**ખાસ નોંધ :–** ઓનલાઇન સ્કોલરશીપ ફોર્મ **Digital Gujarat Portal** પર ભારવાના રહેશે. ઓનલાઈન સ્કોલરશીપ ફોર્મ ભરતા પહેલા ફરજીયાતપણે જરૂરી સૂચનાઓ કોલેજની વેબસાઈટ(**Websait**) અને કોલેજનું નોટીસ બોર્ડમાં સ્કોલરશીપનાં ફોર્મ ભરવાના અંગેની સૂચના વાંચ્યા પછી સ્કોલરશીપ ભરવા જવું.

આથી સ્કોલરશીપનું ફોર્મ ભરતા તમામ વિધાર્થીઓને ખાસ જણાવવાનું કે સ્કોલરશીપના ફોર્મમાં ભૂલો ન થાય અને વિધાર્થીઓને એક જ વાર સાયબર કાફેમાં ભારીને સબમિટ આપી શકે તે માટે અપની કોલેજની વેબસાઈટ **(Websait) www.patanarts.org.** ઉપર સ્કોલરશીપ ફોર્મ ભરવા અંગેની વિગતવાર સ્ટેપ વાઈઝ સૂચનાઓ મુકવામાં આવેલ છે. જો કે આ સૂચનાઓને વિધાર્થીઓ ધ્યાને લીધા વગર જેમ સાયબરકાફે ઓપરેટર ફોર્મ ભરી આપે તે જ લઈને કોલેજમાં જમા કરાવવા આવી જતા હોય છે. જેથી વિધાર્થીઓના સાયબરકાફે અને કૉલેજમાં વારંવાર ધક્કા ખાવા પડે છે.જેથી પોતાનો સમય ન બગડે અને એક વારમાં સાયબરકાફેમાં કામ પૂરું થાય તેની ખાસ કાળજી લેવી ત્યારબાદ જ ઓનલાઈન ફોર્મ અને ડોક્યુમેન્ટસ ( દસ્તાવેજો ) સાથે કોલેજમાં જમા કરાવવા આવવું.

☞પ્રથમ વિધાર્થીઓને **Digital Gujarat Portal** વેબસાઈટ **(Websait) Citizen** તરીકે નવા રજીસ્ટ્રેશન શિષ્યવૃત્તિ ફોર્મ માટે રજીસ્ટ્રેશન કરાવતી વખતે આધાર નંબર ,ઈ-મેઈલ આઈ.ડી.અને મોબાઈલ નંબર વિધાર્થીનો પોતાનો જ હોવાં ફરજિયાત છે.

☞ જેમાં વિધાર્થીઓને **SMS** થી તેમજ પોતાના ઈ-મેઈલ આઈ.ડી. શિષ્યવૃત્તિની તમામ માહિતી તે જ મોબાઈલ નંબર ઉપર આપવામાં આવશે જયાં સુધી શિષ્યવૃત્તિ/સહાય મળી ન જાય ત્યાં સુધી મોબાઈલ નંબર ચાલુ હાલતમાં રાખવાનો રહેશે આ અંગેની જવાબદારી જે-તે વિધાર્થીની પોતાની રહેશે

☞ સરકારશ્રીની **PM YSASVI** પોસ્ટ મેટ્રીક સ્કોલરશીપ યોજનાની ગાઈડ લાઈન મુજબ વિધાર્થીઓની **હાજરી 75 % ફરજીયાત હોવી જોઈએ.**

D:\Naresh Thakor 2025-26\Scholarship Notice\12 ફોર્મ ભરવાની અંગેની સૂચના.docx